# સફળ વાર્તા



## ખારેકની જૈવિક ખેતી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી

ડો. વી.સી.ગઢીયા, ડો. કે. પી.બારૈયા, શ્રીમતિ એ.કે.બારૈયા, શ્રી એસ.એચ.લાખાણી

### ટપક સિંચાઈ પધ્ધતિ દ્વારા ખારેકની જૈવિક ખેતી

| ખેડૂતની માહિતી | | |
|---|---|---|
| ખેડૂતનું નામ | : | સુરેશભાઈ દામજીભાઈ સાવલિયા |
| ફોન નં. | : | ૯૪૨૯૫૫૭૪૯૫ |
| સરનામું | : | મુ. જગા<br>તા. જામનગર<br>જી. જામનગર |
| ઉંમર | : | ૫૨ વર્ષ |
| અભ્યાસ | : | ૮ ધોરણ |
| જમીન | : | ૩ એકર ૫ ગુંઠા |
| વાવેતર કરેલ પાક | : | ખારેક |
| પશુઓની સંખ્યા | : | ૫ ગાય ૧ ભેસ |
| વ્યવસાય | : | ખેતી |
| સામાજીક દરજ્જો | : | ઉત્સાહી<br>પ્રગતીશીલ ખેડૂત |

શ્રી સુરેશભાઈ દામજીભાઈ સાવલિયા ખુબ જ ઉત્સાહી, ખંતીલા અને સખત મહેનતુ ખેડૂત છે. તેઓ માત્ર ૮ ધોરણ પાસ ખેતીની સાથે પશુપાલન કરતા ખેડૂત છે તેઓજામનગર જીલ્લાના જગા ગામના રહેવાસી છે. જગા ગામએ અંતરિયાળ તેમ જ અસમતળ જમીન ધરાવતું ગામ છે. તેમ જ ત્યાં વરસાદ માત્ર ૩૦૦ થી ૩૫૦ એમ એમ જેટલો ઓછો પડે છે. ભૂગર્ભ પાણી પણ ખુબ જ ઊંડા છે. આ પરિસ્થતિમાં બાગાયતી પાકોની ખેતી લગભગ અશક્ય જ છે ઉપરાંત જંગલી જાનવરો જેવા કે ભૂંડ, રોજ, હરણ વગેરેનો પણ ઘણો પ્રશ્ન છે. સુરેશભાઈએ પોતાનું ખેતર કંટાળા તાર, નેટ અને જાળીથી રક્ષિત કરેલ છે. તેમનો પરિવાર સંપૂર્ણ પણે ખેતી પર આધારિત છે. તેમની પાસે અન્ય કોઈ આવકનો સ્ત્રોત ન હોવાથી તેમણે ખેતીને જ ધંધાનું સ્વરૂપ આપી છેલ્લા આઠ વર્ષ થી ખારેકની ખેતી સફળતા પૂર્વક કરી રહ્યા છે.

શ્રી સુરેશભાઈ દામજીભાઈ એ કઇંક નવું કરવાની ધગશ ધરાવતા ખેડૂત છે. છેલ્લા ૨૫ વર્ષથી તેઓ મગફળી, કપાસ, મકાઇ, જુવાર, રજકો વગેરે પાકોની અન્ય ખેડૂતોની જેમજ સામાન્ય ખેતી કરી રહ્યા હતા. અને થોડા અનુભવ બાદ તેમણે રીંગણની ખેતી શરૂ કરી. કૃષિ મહોત્સવ દરમ્યાન તેમણે ખારેકની ખેતી વિષે જાણ્યું અને ખારેકની ખેતી કરવાનો નિર્ધાર કર્યો. શરૂઆતમાં તેમણે કચ્છની દેશી ખારેકનું વાવેતર કર્યું. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકોના સંપર્કમાં આવ્યા બાદ તેમણે ટીશ્યુ કલ્ચર ખારેકની માહિતી મેળવી અને થોડા સમયમાં તેમણે ટીશ્યુ કલ્ચર ખારેકનું વાવેતર કર્યું.

તેમણે ટીશ્યુ કલ્ચર અને દેશી ખારેક વચ્ચેનો તફાવત સ્પષ્ટ પણે દેખાયો. ટીશ્યુ કલ્ચર ખારેકમાં પાંદનો વિકાસ દેશી ખારેક કરતા વ્યવસ્થિત જોવા મળ્યો તેમજ તેમાં ફૂલ અને ફળ બેસવાનો સમય એક જ સરખો જોવા મળ્યો. ઉપરાંત તેમાં ખારેક જમીનની સાવ નજીક લાગવાથી ખારેક ઉતારવી ખુબ જ સહેલી છે. આ ખારેકનો સ્વાદ દેશી ખારેકના સ્વાદ

કરતા ખુબ જ મીઠો હતો. તેમ જ તેમાં ઉત્પાદન અને ફળની સાઈઝ એક સરખી હોવાથી તેના ભાવ વધારે આવવાથી તેમની આવક વધી. સૌથી મહત્વનો ફાયદો જોઈએતો આ ખારેક ત્રીજા વર્ષથી ઉત્પાદન આપે છે જયારે દેશી ખારેક છ વર્ષથી ઉત્પાદન આપે છે

તે ટપક સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ કરે છે તેમજ કોઈપણ જાતના રસાયણીક ખાતર કે જંતુનાશક દવાનો ઉપયોગ કરતા નથી તે માત્ર જૈવિક ખાતર, દેશી ખાતર, અળસિયાનું ખાતર અને જૈવિક દવાઓનો જ ઉપયોગ કરે છે.

તેઓ ૧૨૦ કિલો ખારેકનું ઉત્પાદન એક ઝાડમાંથી મેળવે છે અને આ રીતે ૨.૨૫ લાખ રૂપિયા એક વિધા માંથી કમાય છે.  જૈવિક ખેતીના આ સમયમાં તેમની આ જૈવિક ખારેકની ખેતીનું આ નવીન કામ ૩ એકર જમીનમાં તેઓ છેલ્લા ૮ વર્ષથી ખુબ કુશળતા પૂર્વક કરી રહ્યા છે

તેઓ શ્રી ભોજલ રામ ઓર્ગનિક ખારેક ના બ્રાન્ડ નામથી તેનું માર્કેટિંગ પણ જાતે જ કરી રહ્યા છે.



ખારેકના છોડ સાથે સુરેશભાઈ



ટપક સિંચાઈ પધ્ધતિ સાથે ખારેકનું વાવેતર



બરાહી (ટીશ્યુ કલ્ચર) ખારેક



ખારેકના ફળ



દેશી ખારેકનો છોડ




ખેડુત વૈજ્ઞાનિક સંવાદ





ડો. એ.આર.પાઠક સાહેબ માનનીય વાઈસ ચાન્સલર, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જુનાગઢ; ડો. વી.પી. ચોવટીયા, સંશોધન નિયામકશ્રી, જુ.કૃ.યુ., જૂનાગઢ; ડો. કે. પી. બારૈયા, સિનિયર સાયન્ટીસ્ટ એન્ડ હેડ, કેવીકે, જુકૃયુ, જામનગર; ડો. વી. સી. ગઢીયા, સાયન્ટીસ્ટ, કેવીકે, જુકૃયુ, જામનગર તેમજ ડો. એમ. ડી. ખાનપરા, સંશોધન વૈજ્ઞાનિક (બાજરા), બાજરા સંશોધન કેન્દ્ર, જુકૃયુ, જામનગર દ્વારા મુલાકાત લેવામાં આવેલ



ભોજલરામ ફાર્મ ખાતે ખેડૂત-વૈજ્ઞાનિક ચર્ચા સભા



પોતાના ખેતર પર ગ્રેડિંગ અને પેકિંગ કરીને વેચાણ